નિર્મળ ગુજરાત

ISO 9001 : 2000

# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૦૦-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

નં.મફગ/વ્યાજ/ગ્રાંટ/૨૦૦૭/૧૨૯૯૦ તારીખ :- 16 JUL 2007

પ્રતિ,
૧. કમિશ્નરશ્રી,
સર્વે મહાનગરપાલિકા (૭)
૨. ચીફ ઓફીસરશ્રી,
સર્વે નગરપાલિકા(૧૬૧)

**વિષય :-** મહાનગરપાલિકા/નગરપાલિકાઓને મળતી ગ્રાંટની રકમ પર બેંક ધ્વારા ચુકવાતા વ્યાજની રકમના વપરાશ બાબત.

**સંદર્ભ :-** શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનો તા.૨૦-૬-૦૭ નો પત્ર ક્ર.સમક્ષ/૧૦૦૭/૦૮૯૫/બ

રાજ્ય સરકારશ્રી દ્વારા મહાનગરપાલિકા/નગરપાલિકાઓના વિકાસલક્ષી વિવિધ યોજના હેઠળ પ્રતિવર્ષે ગ્રાંટની રકમ ફાળવવામાં આવે છે. આ ગ્રાંટની રકમ સ્થાનિક સંસ્થાઓ દ્વારા, તેનો વપરાશ ન થાય ત્યાં સુધી બેંકમાં જમા રાખવામાં આવતી હોય છે. તે અનુસંધાને સ્થાનિક સંસ્થાને આ રોકાણ પર જે વ્યાજની રકમ મળે છે તેનો ઉપયોગ હવેથી તમામ સ્થાનિક સંસ્થાએ નીચે મુજબ કરવાનો રહેશે.

રાજ્ય સરકારશ્રી તરફથી જે ગ્રાંટની રકમ આપની સ્થાનિક સંસ્થાને મળે છે તે રકમ પર જમા થયેલ વ્યાજની રકમનો ઉપયોગ નીચે જણાવેલ ૧૧ વિકાસના કામો માટે, પાણીના કામોને પ્રથમ અગ્રતા આપીને, જનરલ બોર્ડની પૂર્વ મંજૂરી મેળવી વાપરવાની રહેશે.

૧) પાણી પુરવઠાને લગતા કામો
૨) ગંદા પાણીના નિકાલ માટેના કામો
૩) જાહેર આરોગ્યને લગતા કામો
૪) જાહેર રસ્તાના કામો
૫) જાહેર દિવાબત્તીના કામો
૬) જાહેર બગીચાઓ
૭) સ્મશાન ગૃહ બનાવવા માટે, સુધારણા માટે, સ્મશાન ભઠ્ઠીઓ નાંખવા માટે
૮) અગ્નિશામક સાધનો ખરીદવાના કામો
૯) રમતગમતના મેદાનો પુરા પાડવા અને તેના વિકાસ માટેના કામો
૧૦) વાંચનાલયો બાંધકામ માટે,
૧૧) નગરપાલિકા ભવન કચેરી માટે

(કૃ.પા.ફે.)

ઉપર જણાવેલ કામો પૈકી પાણી પુરવઠાને લગતા કામોને પ્રથમ પસંદગી આપ્યાબાદ બીજી અગ્રતાના કામને પસંદગી આપવાની રહેશે. ઉપર્યુકત ૧૧ સિવાયના કોઈપણ હેતુ માટે મહાનગરપાલિકા/ નગરપાલિકા ઉકત વ્યાજની રકમ વાપરી શકશે નહી.

રોકાણો ઉપરના વ્યાજના વપરાશ અંગે નગરપાલિકા નિયામકશ્રીની કચેરી તથા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા આ અગાઉ આપવામાં આવેલ તમામ સૂચનાઓ રદ ગણવાની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના :-

૧. ઉપસચિવશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૨. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
૩. પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, કલેકટર કચેરી કંમ્પાઉન્ડ, રાજકોટ
૪. પ્રાંત અધિકારીશ્રી, (નગરપાલિકા સબંધીત)
૫. સર્વે અધિક કલેક્ટરશ્રી (સંકલન)/જીલ્લા આયોજન અધિકારીશ્રી, સર્વે જીલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા)
૬. સર્વે મામલતદારશ્રી, નગરપાલિકા સંબંધિત
૭. સર્વે અધિકારી / કર્મચારી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગર